Included in the UGC Approved List of Journals

SAHITYASETU
ISSN: 2249-2372
A Peer-Reviewed Literary e-journal
Website: http://www.sahityasetu.co.in

Year-8, Issue-5, Continuous Issue-47, September-October 2018

# આંસુ

ડૂબવા માટે કિનારો હોય છે,
રોજ સૂરજ તું બિચારો હોય છે?

આંખમાંથી છેતરીને લાવશે !
'આંસુ'તારો પણ ઈશારો હોય છે ?

ફૂલને જોયા પછી ભમરો કહે;
તું જ ખીલે તો બહારો હોય છે.

એક ભીની હૂંફને ખાતર ખુદા!
જીવ ધરતી પર અમારો હોય છે.

ટેવ 'આદત'ની કદી છૂટે નહીં !
એ ખભા જેવો સહારો હોય છે.

**પટેલ ધ્રુવિનકુમાર રમણભાઈ,** ગુજરાતીવિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર પીન. ૩૮૮૧૨૦ મો.૯૪૨૯૮ ૮૫૧૦૦
.